IJNRD.ORG ISSN : 2456-4184
INTERNATIONAL JOURNAL OF NOVEL RESEARCH AND DEVELOPMENT (IJNRD) | IJNRD.ORG
An International Open Access, Peer-reviewed, Refereed Journal

# રાજપીપળા રાજ્યના બ્રાહ્મણોની સંસ્કૃતિ અને પરંપરા

**પાર્થકુમાર દીપેશભાઈ ભટ્ટ**
**પીએચ.ડી સ્કૉલર**
**શ્રી ગોવિંદગુરુ યુનિવર્સિટી, વિંઝોલ ગોધરા.**

## ➢ Abstract (સારાંશ)

દુનિયામાં લાખો જાતિઓ વસી રહી છે, દરેક જાતિનું એક આગવો ઇતિહાસ, રહેણીકરણી, માન્યતાઓ અને રિવાજો રહેલા છે. કોઈપણ સંસ્કૃતિ, જે તે પ્રદેશોની જાતિ, દેશ-કાળ, ભૂગોળ, ઇતિહાસને જુદી-જુદી રીતે ઘડે છે, અને તેથી શરીર અને તેના વર્ણને આધારે માનવજાતિઓ જુદી-જુદી હોય છે, આઝાદી પહેલા ભારતમાં 562થી પણ વધુ દેશી રાજ્યો હતા. આ તમામ દેશી રાજ્યોની, ત્યાંનાં સમાજની સંસ્કૃતિ અને પરંપરા જુદી જુદી હોય છે. તે પૈકીનાં રાજપીપળા રાજ્યના બ્રાહ્મણોની સંસ્કૃતિ અને પરંપરાઓ તેમના રિવાજો અને પ્રાદેશિક ઇતિહાસ વિશે લોકો સુધી સાચી માહિતી પહોંચે તેવો સમાવેશ આ પેપરમાં કરવામાં આવ્યો છે.

## ➢ પ્રસ્તાવના:-

ભારતમાં "કલ્ચર"ના પર્યાય રૂપે "સંસ્કૃતિ" શબ્દ પ્રયોજવામાં આવે છે. નૃવંશવિધાવિદ્દો અને સંસ્કૃતિવિધાવિદ્દો તેનું તાત્પર્ય સમજાવતા કહે છે કે, સંસ્કૃતિએ કોઈ ભૂતકાળની બાબત નથી તેનો સંબંધ જીવાતા જીવન સાથે છે. તેના સર્જનની પાત્રતા કેવળ મનુષ્યમાં જ છે. મનુષ્ય કેટલીક ચોખ્ખી વિશેષતાઓ ધરાવે છે. જેમાં શરીર, ભાષા, રહેણીકરણી, નિર્વાહ, આહાર, સામાજિક વૃતિ વગેરે અનેક બાબતો તેની વિશેષતા બતાવે છે. મનુષ્ય તેનો સમાજ રચે છે, જીવનનિર્વાહ કરવાને માટે તે અમુક શારીરિક અને માનસિક શ્રમ કરતો જ રહે છે. તે માટે આવશ્યક સાધન-સામગ્રી, રાચરચીલું વગેરેથી માંડીને અમુક સંસ્થા કે પ્રથાઓ રચે છે.

કોઈપણ સંસ્કૃતિ, જે તે પ્રદેશોની જાતિ, દેશ-કાળ, ભૂગોળ, ઇતિહાસને જુદી-જુદી રીતે ઘડે છે, અને તેથી શરીર અને તેના વર્ણને આધારે માનવજાતિઓ જુદી-જુદી હોય છે, તેમ એમની સંસ્કૃતિ વિશે પણ ભિન્ન વર્ગો પાડી શકાય છે. દરેક સંસ્કૃતિને પોતપોતાનાં મૌલિક તથ્યો કે મૂલ્યો હોય છે. અને તેના સભ્યોની તેના તરફની વફાદારીથી તેનું જતન અને સંવર્ધન થાય છે.

સૌ પ્રથમ ઇ.બી.ટાઈલરે ઈ.સ. 1874માં "સંસ્કૃતિ" શબ્દની વ્યાખ્યા આપતા કહ્યું કે "સંસ્કૃતિ એ જટિલ સમગ્રતા છે, જેમાં જ્ઞાન, માન્યતા, કલા, નીતિ, કાનૂન, રિવાજ, અને ટેવોનો શમાવેશ થાય છે. સંસ્કૃતિ એક સામાજિક વારસો છે. સંસ્કૃતિમાં જ્ઞાન, માન્યતા, કલા, નીતિ, કાનૂન, રિવાજ એક પેઢીથી બીજી પેઢીને આપવામાં આવે છે."

દુનિયામાં લાખો જાતિઓ વસી રહી છે, દરેક જાતિનું એક આગવો ઇતિહાસ, રહેણીકરણી, માન્યતાઓ અને રિવાજો રહેલા છે. ભારતના બ્રાહ્મણો સદીઓથી ઉચ્ચ આદર્શો, પરંપરા, રીતિ-રિવાજો તથા જ્ઞાનને કારણે ભારતની સર્વોચ્ચ જ્ઞાતિ રહેલ છે. અને તે કારણે અનુકરણને પાત્ર પણ રહેલ છે. તે પૈકીનાં રાજપીપળા રાજ્યના બ્રાહ્મણોની સંસ્કૃતિ અને પરંપરાઓ આ પ્રમાણે છે.

## ➢ નાંદોરા બ્રાહ્મણોની વિગત:-

નાંદોરા બ્રાહ્મણોની જ્ઞાતિનું નામ નાંદીપુરી સાથે સંકળાયેલું છે. ડો. બ્યુલરના મત મુજબ આ સ્થળ ભરૂચ નજીક નંદીતીર્થ કે નંદેવાલ છે. ડો. ભગવાનલાલ આ સ્થળ રાજપીપળા નજીક હોવાનું જણાવે છે. આ નાંદીપુરી કે નાંદોદ ગુર્જર નૃપતિવંશના રાજાઓની રાજધાની હતી અને ઈ.સ. 580-735 સુધીના આ રાજાઓના 13(તેર) દાન શાસનો પ્રાપ્ત થયા છે. એટલે નાંદીપુરી સાથે સંકળાયેલા નાંદોરા બ્રાહ્મણો ગુજરાતના બ્રાહ્મણો પૈકી પ્રાચીન જણાય છે, અને તેમના કુળદેવતા નંદીકેશ્વર મહાદેવ છે. તેમનું મંદિર જીતનગર ખાતે હાલમાં પણ અસ્તિત્વ ધરાવે છે.

## ➢ ચોર્યાસી બ્રાહ્મણોની વિગત:-

ગુજરાતમાં સામાન્ય રીતે બ્રાહ્મણો ચોર્યાસી જ્ઞાતિઓ હોવાના ઉલ્લેખ થાય છે. કોઈ વ્યક્તિ ગામના બધા બ્રાહ્મણોને જમાડે તો આ કારણે ચોરાશી કરી એમ કહેવાતું હતું. બ્રાહ્મણોની ચોર્યાસી જ્ઞાતિનો સૌપ્રથમ ઉલ્લેખ કન્નોજના શ્રીપતિ રાઠોડના ઈ.સ. 879 ના લેખમાં મળે છે. ત્યારબાદ માણિક્યસુંદરસૂરીના ઈ.સ. 1422માં લખાયેલા " પૃથ્વીચંદ્ર ચરિત"માં 84 બ્રાહ્મણોની જ્ઞાતિઓની યાદી આપવામાં આવેલી છે. હાલની ગુજરાતની બ્રાહ્મણ જ્ઞાતિઓ પૈકી નાગર, શ્રીમાળી, પુષ્કરવાલ, ડિસાવાલ, મેડતવાલ, ખડવડ, મોઢ, જાલહરા, ખડાઈતા, કપોલ, જાંબુ, વાયડા, મેવાડા, નરસિંહપુરા, અહીરછત્રવાલ, શ્રીગૌડ, વાલ્મિક, પલ્લીવાલ, હરસઉરા, રાયકવાલ, ગોમીત્રા, કંડોળિયા, સીહુરા, નાદેવા, વગેરેનો ઉલ્લેખ થાય છે.

ઈ.સ. 1762માં મુઘલકાળના અંતિમ સમયમાં લખાયેલા પુસ્તક "મિરાતે અહમદી"માં અલીમહમૂદ ખાને 84 બ્રાહ્મણ જ્ઞાતિની યાદી આપી છે. તે ઉપરાંત તેને બીજી 19 વધારાની બ્રાહ્મણ જ્ઞાતિના નામ પણ આપ્યા છે. અલીમહમૂદ ખાને 103 નામો પૈકી હાલ પ્રચલિત હોય તેવી નાગર, ઔદીચ્ય, મોઢ, શ્રીમાળી, શ્રીગૌડ, કંડોળિયા, બોરસદા, કપિલ, રાયથલા, ખેડવા, સોમપુરા, ભાર્ગવ, નારદીક, પુષ્કર્ણા, મેવાડા, ગિરનારા, સારસ્વત, વાયડા, પાલીવાલ, ગોરવાલ, રવિવાલ, ગોમતિવાલ, ઉનેવાલ, રોઢવાલ, રાયકવાલ, ડિસાવાલ, સાચોરા, ભાતેલા, કનોજયા, મોતાળા અને નાપુલ વગેરે જ્ઞાતિનો ઉલ્લેખ કર્યો છે.

## ➢ ઔદિચ્ય બ્રાહ્મણોના વિભાગ:-

ઔદિચ્ય બ્રાહ્મણોની જ્ઞાતિ ગુજરાતની બ્રાહ્મણ જ્ઞાતિઓ પૈકી સૌથી વધુ સંખ્યાબળ ધરાવતી જ્ઞાતિ છે. પાણીનીના મત અનુસાર સરસ્વતી નદીના ઉત્તરકાંઠે ઉપર તરફ વસનારા બ્રાહ્મણો દક્ષિણ કિનારે વસતા પ્રાચ્ય કરતાં શ્રેષ્ઠ હતા. ગુજરાતમાં આ શ્રેષ્ઠ બ્રાહ્મણોને મૂળરાજ સોલંકીએ પોતાના શાસનકાળ દરમ્યાન આપેલ આમંત્રણથી બોલાવ્યા હતા. તેણે પોતાના મોસાળ પક્ષના વડીલોની હત્યાના દોષના નિવારણ અર્થે આ બ્રાહ્મણોને યજ્ઞ કરવા બોલાવ્યા હતા. જેમાં કુલ 1037 જેટલા બ્રાહ્મણો ગુજરાત આવ્યા હતા. જેઓ ઉત્તર દિશાથી આવેલ હોઇ ઉદીચ્ય બ્રાહ્મણો કહેવાતા હતા જે કાળક્રમે અપભ્રંશથી ઔદિચ્ય બ્રાહ્મણો કહેવાયા. મૂળરાજ સોલંકીએ યજ્ઞ બાદ 500 પૈકીનાં બ્રાહ્મણોને પુષ્પાદર વગેરે 170 ગામો દાનમાં આપ્યા. આ 500 બ્રાહ્મણોનો સમુદાય સિધ્ધપુર સમવાય તરીકે જાણીતો થયો. બીજા 500 બ્રાહ્મણોના સમૂહને શિહોર અને વઢવાણ સહી 88 ગામો આપ્યા આ બ્રાહ્મણો સિંહપુરસમવાયના બ્રાહ્મણો તરીકે ઓળખાયા. આ કુલ 1000 બ્રાહ્મણો હતા તેઓ ઔદિચ્ય સહસ્ત્ર તરીકે ઓળખાયા. બાકીના 37 બ્રાહ્મણો ટોળે વળીને બેઠા હતા. તેમણે દાન સ્વીકાર્યું ન હતું તેથી તેઓ ઔદિચ્ય ટોળકીયા બ્રાહ્મણ તરીકે ઓળખાયા.

તે પૈકીનાં, ઔદિચ્ય ટોળકીયા બ્રાહ્મણો હલદરવાસ, બામલોલ, ખેડા, ભરકુંડા, કનીજ, માતર, હેરશર, ડભાણ, મહુઆ, ખંભાત, સિસવા, આંકલાવ, રેણુંગંજ, ભરૂચ, વડોદરા. ભાલોદ, રાજપીપળા, કોરલ, સીનોર, ચાંદોદ, ડભોઇ વગેરે સ્થળોએ આવીને વસ્યા. જેમાં રાજપીપળા રાજ્યના વાલીઆ તાલુકામાં જ 30 ગામોમાં એક જ વંશના 70 જેટલા ઔદિચ્ય ટોળકીયા બ્રાહ્મણ કુટુંબો વસતા હતા.

## ➢ રાજપીપળા રાજ્યના બ્રાહ્મણોની સંસ્કૃતિ અને પરંપરા:-

રેવાકાંઠા વિભાગમાં વડોદરા, ડભોઇ, ચાંણોદ, કરનાળી (કન્યાળી), કારવણ, છોટા ઉદેપુર, નાંદોદ, સંખેડા, બહાદુરપુર વગેરે ગામો આવેલા હતા. તે પૈકી રાજપીપળા રાજ્યના વાલીઆ તાલુકામાં જ 30 ગામોમાં એક જ વંશના 70 જેટલા ઔદિચ્ય ટોળકીયા બ્રાહ્મણ કુટુંબો વસતા હતા. જેમનો મુખ્ય વ્યવસાય સામાન્યતઃ ખેતી, યજમાનવૃતિનો, હતો. ત્યારબાદ શિક્ષણનું પ્રમાણ વધતાં ઔદિચ્ય ટોળકીયા બ્રાહ્મણો નોકરી તરફ વળ્યા હતા.

રાજપીપળા રાજ્યમાં વસતા બ્રાહ્મણોમાં અન્ય બ્રાહ્મણોમાં થતાં સંસ્કારોની વિધિ સરખી જ હતી, પરંતુ સીમંત પ્રસંગે કેટલાક ઔદિચ્ય બ્રાહ્મણોમાં વહુને સાસરી પક્ષ તરફથી સાડી કે ઘડિયાળ અપાતી હતી. ચાંદીની રાખડી, નણંદ-ભાભીને બાંધતી હતી, અને તેના બદલામાં ભાઇ-બહેનને રોકડ રકમ કે ભેટો આપતો હતો. જ્યારે ઔદિચ્ય ટોળકીયા બ્રાહ્મણોમાં સીમંતની વિધિ સાદી એટલે કે બેઠો ખોળો ભરીને પૂર્ણ કરતાં હતા. તે સમયે ઔદિચ્ય બ્રાહ્મણોમાં રૂ.2510નું પલ્લું એટલે કે વરપક્ષ તરફથી કન્યાને આપવામાં આવતું રોકડમાં સ્ત્રીધન, તથા વરપક્ષ તરફથી 5 તોલાના હાર/બંગડીઓ વગેરે અપાતું હતું. અને સાથે સાથે એક ભારે અને એક સામાન્ય સાડી પણ આપતી હતી. જ્યારે ઔદિચ્ય ટોળકીયા બ્રાહ્મણોમાં રૂ. 251નું પલ્લું અને બાકીની ચીજ વસ્તુઓ ઉપર જણાવ્યા મુજબની આપતી હતી. ઉપરાંત બહારગામથી આવતી જાનનું એક વખતનું ભાડું કન્યા પક્ષ તરફથી આપવામાં આવતું હતું, અને યજ્ઞોપવીત તથા લગ્ન પ્રસંગે મામા તરફથી મોસાળું આપવામાં આવતું હતું. જે સમગ્ર ગામમાં ફેરવીને જ્ઞાતિબંધુઓને બતાવવામાં આવતું હતું. લગ્નબાદ વર-કન્યાના છેડા-છેડી, વરની બહેનના હાથે છોડવામાં આવતી હતી. જે રાજપીપળા રાજ્યના ગામદેવી હરસિધ્ધિ માતાના મંદિરે છોડવામાં આવતા હતા.

લગ્ન પ્રસંગે વરપક્ષના વડીલોને, નણંદ-ભાણેજ, ભત્રીજાને પહેરામણી આપવામાં આવતી હતી, અને વરપક્ષ આપે તેનાથી બમણી પહેરામણી કન્યા પક્ષ દ્વારા આપવાનો રિવાજ હતો. તેમજ લગ્ન પહેલા સાસુ જમાઇને તેના ઉતારા પર જઈને કંસાર જમાડવાનો રિવાજ પણ હતો.

યજ્ઞોપવીત સંસ્કાર સામાન્ય રીતે 8 વર્ષ, અને 11 વર્ષની ઉમરે આપવામાં આવતા હતા. જેમાં ભિક્ષા પીરસવાનો રિવાજ અને પાઘડીની રકમ રોકડમાં આપવામાં આવતી હતી. મરણ બાદના રિવાજો અને પરંપરા દસા, અગિયારમું, બારમું, તેરમાંના દિવસે ક્રિયાઓ કરવામાં આવતી હતી. બારમાં-તેરમાંનો જમણવાર થતો હતો. જેમાં લાડુ પીરસવામાં આવતા હતા. ત્યારબાદ માસિકવિધિ ( માસિયો ) અને ત્યારબાદ વર્ષના અંતે વરસી વાળતાં હતા. તે સમયે બ્રાહ્મણો માટે એવું કહેવાતું હતું કે તેઓ એક બુચિયું ભરીને લાડુ ખાતા હતા, એટલે કે તે જમાનાનું કથરોટથી મોટું તાંબાનું વાસણ.

રાજપીપળા રાજ્યમાં બ્રાહ્મણોમાં જ્ઞાતિની બહાર મૂકવાના રિવાજો પ્રચલિત હતા, તથા જ્ઞાતી બહાર મુકેલ વ્યક્તિને જ્ઞાતીમાં ફરીથી દાખલ કરવા માટે ચોર્યાસી ગામના બ્રાહ્મણોનો જમણવાર પણ યોજાતો હતો, અને સમગ્ર બ્રાહ્મણ પરિવારોને સાકરટંબા એટલે કે પરિવારના તમામ સદસ્યો અને તેમના ઘરે આવેલ મહેમાનો સહિતને જમવાનું આમંત્રણ આપવામાં આવતું હતું. ખાસ ધ્યાન દોરવા જેવી બાબત એ હતી કે જમવા આવનાર તમામે પોતાના ઘરેથી થાળી/વાટકા અને લોટો ભરીને પાણી લઈને જમવા જવું પડતું હતું.

રાજપીપળા રાજ્યમાં ઔદિચ્ય ટોળકીયા બ્રાહ્મણોમાં પૂજન પરંપરા ખાસ ધ્યાન ખેંચે એવી છે. શ્રાવણ સુદ પાંચમના દિવસે "નાગલા"ના નામથી ઓળખાતા નાગદેવતા. નાગદેવી, અને નાગસંતાન તેમજ ગાયમાતાના ચાંદીના બનાવેલ પેન્ડલ (લોકેટ) અને ખીલી વગરના પાટિયા પર નાગદેવની સ્થાપના કરીને તુવેર, બાજરીના રોટલા અને દૂધનું નૈવેધ ધરાવતા હતા. આ નૈવેધ ઘરનો મુખ્ય પુરુષ ગ્રહણ કરે છે. આ પરંપરા આજે પણ ચાલુ છે. ઘરના મુખ્ય વ્યક્તિનું અવસાન થયા બાદ જે તે ઘરના મોટા પુત્રને ત્યાં તે નાગલા વારસામાં મળતા હતા, અને જો તે મોટા પુત્રને ત્યાં કોઈ પુત્ર સંતાન ન હોય તો તે નાગલા નાના ભાઈને ત્યાં વારસામાં જતાં હતા. ત્યારબાદ જન્માષ્ટમીનો બીજો દિવસ એટલે શ્રાવણ વદ નોમના દિવસે માતા નવદુર્ગાનું પૂજન કરવાની પરંપરા ઔદિચ્ય ટોળકીયા બ્રાહ્મણ પરિવારોમાં વર્ષોથી ચાલતી આવે છે. જેમાં ધરાવવામાં આવતું નૈવેધ ધ્યાન ખેંચે છે. ઘરના પુરુષ વ્યક્તિદીઠ 5 કિલો નૈવેધ વધતો જાય છે. જેમાં લોટમાંથી બનાવેલો માતાજીનો શણગાર, સોગઠાબાજી, નાવડી-હલેસું, વગેરે બનાવવામાં આવે છે. તેમની આરતી લોટના બનાવેલ દિવડાથી કરવામાં આવે છે. આ ઉપરાંત ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણોમાં પીઠોરી અમાસના દિવસે પૂજા કરવાની પરંપરા છે. અને કેટલાક ઔદિચ્ય ટોળકીયા બ્રાહ્મણોમાં આસો નવરાત્રીમાં જવેરા ઉગાડી નવ દિવસ પૂજા થાય છે.

## ➢ નિષ્કર્ષ:-

આમ, સંસ્કૃતિ જે તે પ્રદેશોના જાતિ, દેશકાળ, ભૂગોળ, ઇતિહાસ પરત્વે જુદી-જુદી રીતે ઘડે છે તે અહી સાબિત થાય છે. આમ તો આખા ગુજરાતમાં બ્રાહ્મણોની 84 જેટલી જ્ઞાતિઓ છે. દરેક પ્રદેશ મુજબ બ્રાહ્મણોમાં પણ સંસ્કૃતિ, રિવાજો, પરંપરા જુદી-જુદી જોવા મળે છે. રાજપીપળા રાજ્યમાં બ્રાહ્મણોનો ઇતિહાસ, સંસ્કૃતિ, તેઓની સામાજિક-ધાર્મિક પરંપરાઓ ખૂબ જ સીમિત સમાજ સુધી જાણીતી હતી.

## ➢ સંદર્ભ સૂચિ:-


1. ત્રિવેદી મહેન્દ્ર, “ભરૂચ જિલ્લા સર્વસંગ્રહ” ગુજરાત રાજ્ય જિલ્લા સર્વ સંગ્રહ, ઇ.સ 1991
2. ઉપાધ્યાય ડાહ્યાભાઇ લાલજીભાઇ, “ ગોત્ર પ્રવર ભાસ્કર”, અમદાવાદ 1991
3. રાજગોર શિવપ્રસાદ, “ગુજરાતનાં બ્રાહ્મણોનો ઇતિહાસ” અમદાવાદ, 1987
4. કવિ નર્મદાશંકર, ”ગુજરાત સર્વસંગ્રહ”, મુંબઈ,1887
5. દવે માણેકલાલ, “ ગુજરાતના ઇતિહાસમાં ઔદિચ્ય બ્રાહ્મણોનું સ્થાન”, સ્વાધ્યાય, વડોદરા, 1963
6. મહેતા સરોજબેન, “ ગુજરાતની લગ્નવ્યવસ્થા અને કુટુંબ વ્યવસ્થા”, અમદાવાદ.


International Research Journal
IJNRD
Research Through Innovation